**ફોજદારી કેસ નં. 159966/2021 નાં કામે આંક–૧ નીચે હુકમ..**

..............................................................................................................

૧. આજ રોજ આરોપી કે ફરીયાદપક્ષે ફરીયાદી કે ત.ક.અ.શ્રી હાજર નથી. ફરીયાદી તથા તેમના સાહેદો ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે. જે બજે કે વગર બજે પરત આવેલ નથી. જે સંબધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમાં પણ ખુલાસા પુછવામાં આવેલ છે. જે સંબધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. તેમજ ફરીયાદપક્ષ લાંબા સમયથી તેમનાં સાહેદોને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી. જેથી પેન્ડીંગ કેસો સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામાં આવે છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીનાં પત્રો વંચાણે લીધા. તેમજ નામ. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે તેમનાં નોટીફીકેશન થી આજ રોજ તા.૧૨/૦૩/૨૦૨૨નાં રોજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ છે અને તેમાં આવા પ્રકારનાં કેસોને સ્પે.સીટીંગમાં ફેસલ કરવાનો આદેશ કરેલ છે તે ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારનાં કેસોનો નિકાલ કરવાની કામગીરી સંબધે આદેશો કરવામાં આવેલ છે.

૨. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતાં ફરીયાદી કે તેમનાં સાહેદોને હાજર રખાવી શકેલ ન હોઈ, જેથી આરોપી સામે આક્ષેપાયેલ ગુનાની સજાનો જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતું નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. જેથી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

– આથી ફો.કા.અ.ની કલમઃ૨૫૮ અન્વયે આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

– મુદામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવો.

હુકમ આજ રોજ તા.૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(એ.એમ.વર્મા)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
જજ કોડ જી.જે.૦૦૫૭૭

અમદાવાદ
તા.૧૨/૦૩/૨૦૨૨